આજથી મહેસાણા જિલ્લામાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની શરૂઆત

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લામાં આજથી ૫ જુનથી ૧૧ જુન દરમિયાન પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી થનાર છે. જિલ્લાની તમામ નગરપાલિકાઓ સહિત જિલ્લામાં ગોઝારીયા, સતલાસણા, જોટાણા, બેચરાજી, મોઢેરા અને તારંગા ખાતે પર્યાવરણ અને સ્વચ્છતા અંગેની કામગીરી થનાર છે.

વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'લાસ્ટીક પ્રદુષણ અટકાવો' ને ધ્યાને લઇને જિલ્લામાં બાયોમેડીકલ વેસ્ટને લગતી કામગીરી, ઔધોગિક એકમો અને ફેકટરીઓમાં સ્વચ્છતાને લગતી કામગીરી, હોટલો અને રેસ્ટોરન્ટોમાં સ્વચ્છતાની કામગીરી સહિત ઓ.જી વિસ્તાર તથા હાઇવેની આસપાસની સફાઇ થનાર છે.

મહેસાણા જિલ્લામાં પ્લાસ્ટીકની થેલીનો વપરાશ ઓછો થાય તે માટે બેચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વાર કાપડની થેલીઓ અપાય તેવું આયોજન કરાયું છે. જિલ્લાની પાલિકાઓમાં ભીંતચિત્રો દ્વારા જાગૃતિ, કાપડના બેનર પર સ્વચ્છતાનો સંદેશ સહિત જિલ્લામાં ઇકો ફ્રેન્ડલી પ્રદર્શનું આયોજન થનાર છે.

મોડાસા વિઠ્ઠલનાથજી હવેલીમાં પુરુષોત્તમ માસ દરમિયાન વિવિધ મનોરથ થઈ રહ્યા છે, જેમાં ગોપાલઅષ્ટમી, ચિરહરણ, બદામનો હિંડોળો, લીલી ચુંદડી મનોરથ, નંદ મહોત્સવ, વ્રજ કમળ વગેરે જેવા મનોરથ થઈ રહ્યા છે. જેમાં મનોરથીઓએ સુંદર હેન્ડ પ્રિન્ટીંગ પીછવાઈઓ ભેંટ આપી છે જેમાં જયેશભાઈ ઓ. શાહ, સખી મંડળની બહેનો વગેરેએ દાન આપ્યું છે. આ મનોરથના આયોજનમાં ગોધરાના રાજેન્દ્રભાઈ શેઠે સુંદર આયોજન કરીને સુંદર સજાવટ પણ કરી છે. આ ઉપરાંત નવા કારોબારી પૈકી પ્રમુખ સંજયભાઈ મહેતા તથા મેઈન ટ્રસ્ટી ગોવિંદભાઈ મહેતા તથા જયેશ ઓ. શાહ સક્રિય કાર્ય કરી રહ્યા છે.

મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલે રીપોર્ટકાર્ડ રજુ કર્યુ

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર નગરપાલિકા પ્રમુખની અઢી વર્ષની મુદત પૂર્ણ થતા મોડાસા શહેરનો અઢી વર્ષનો કાર્યભાળ સંભાળનાર મહિલા પ્રમુખ વનીતાબેન પટેલે મોડાસા શહેરના વિકાસ માટે સતત અથાગ પ્રયત્નો કરી મોડાસા શહેરને સ્વચ્છ અને ગ્રીન સીટી બનાવવામાં મહદઅંશે સફળતા પ્રાપ્ત કરી હતી અને લોકચાહના પ્રાપ્ત કરી હતી.

સોમવારે મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલે પત્રકાર પરિષદ યોજી તેમના કાર્યભાર દરમિયાન શહેરના વેગવંત વિકાસની ગાથા રજુ કરી હતી. વનિતાબેનના જણાવ્યા અનુસાર મોડાસા નગરપાલિકાનું સત્તાનું સુકાન સંભાળતાની સાથે પ્રજાજનોની સેવા કરવાનો મોકો મળતા શહેરને ગ્રીન અને ક્લીન સીટી બનવાનો નિર્ણય કર્યો હતો અને અઢી વર્ષના શાસનમાં સ્વચ્છ નગર ઝુંબેશ હેઠળ બગીચાઓનો વિકાસ, રિવરપાર્ક યોજના રસ્તાઓની સાફસફાઈ માટે રોડ સ્વીપર મશીન, ઘન કચરાનું ડોર ટુ ડોર કલેક્શન સહીત ચોમાસાના વરસાદી પાણીના નિકાલ માટે શહેરના મોટા ભાગના વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનું નિર્માણ અને શહેરના જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો અને ડીપી રોડ પાર વૃક્ષોના રક્ષણ માટે પ્લાસ્ટિકના ૨ હજાર ટ્રી ગાર્ડ પણ લગાવવામાં આવશે. તદઉપરાંત શહેરના ૮૦ સ્થળો પર ડસ્ટબીન કચરો એકઠો કરવા મુકવાની જાહેરાત કરી હતી. મોડાસાના લઘુમતી વિસ્તારમાં આવેલ લીમડા તળાવનો વિકાસ, બાળકો માટે મનોરંજન માટેના બગીચાનું નિર્માણ અને મોડાસામાં શૌચાલયોનું નિર્માણ સહીત સતત મોડાસા શહેરના વિકાસ માટે કાર્યો કર્યા હોવાનું જણાવી સતત મોડાસા શહરેના વિકાસ માટે યોગદાન અને પ્રજાજનોની તકલીફમાં મદદરૂપ થતા રહેશેનું ભારપૂર્વક જણાવ્યું હતું.

મોડાસા એન્જિનિયર્સ અને નગરપાલિકા દ્વારા રજાચીઠ્ઠી માટે સેમીનાર યોજાયો

મોડાસા, તા. ૪

ગુજરાત સરકારનું રજાચીઠી મેળવવા ઓનલાઇન તા ૧-૫-૧૮થી ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જાહેર કરવામાં આવેલ છે, તે અંતર્ગત મોડાસા નગરપાલિકા અને અરવલ્લી એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ એસોસીયેશનના સંયુક્ત ઉપક્રમે ઓનલાઇન રજા ચિઠ્ઠી અંગેનો એક સેમિનાર હોટેલ સર્વોત્તમ ખાતે યોજયો હતો. જેમાં એસિયાના પ્રમુખ દિવ્યકાંત પટેલ અને અરવલ્લી બિલ્ડર્સ એસોશીયેશનના પ્રમુખ અને મોડાસા નાગરીક બેન્કના વર્તમાન ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ૧૨૫.૦ ચો.મી.થી ઓછું બાંધકામ હશે તો તેને રજા ચિઠ્ઠી લેવાની જરૂર નહિ પડે તેમજ ૧૨૫.૦ ચો.મી.થી વધુ બાંધકામ હશે તેવા કિસ્સામાં નગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનિંગ કમિટીમાં રજા ચિઠ્ઠી મળતી હતી જેમાં અંદાજે બે થી ત્રણ માસે રજા ચિઠ્ઠી મળતી હતી પરંતુ સરકાર દ્વારા ઓડીપીએસ ઓનલાઇન રજા ચિઠ્ઠીના કારણે મકાન માલિકે કે જેને રજા ચિઠ્ઠી લેવાની છે તે ઓનલાઇનમાં ૨૪ થી ૩૬ કલાકમાં રજા ચિઠ્ઠી મેળવી શકશે તેમજ નગરપાલિકા કે અન્ય કોઈ પણ કચેરીમાં ધરમધક્કા ખાવામાંથી મુક્તિ મળશે તેમજ બેંકમાંથી લોન લેવા માટે પણ ૨ થી ૩ માસ રાહ જોવી પડતી હતી, હવે એ માત્ર ગણત્રીના કલાકોમાં રજા ચિઠ્ઠી મળશે એને લોન પણ ઝડપથી મળશે . મુખ્ય અધિકારી પ્રણવ પારેખ અને ટાઉન પ્લાનર મીહીર દેસાઈના જણાવ્યા મુજબ પ્લોટ ધારકો માટે સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયથી લોકોની હાલાકી દૂર થશે.

આ સેમિનારમાં એક મકાનની ઓનલાઇન રજા ચિઠ્ઠી લેવાનો ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના ૩૦ થી વધુ એન્જિનિયર, આર્કિટેક્ટે ભાગ લીધો હતો તેમજ મુખ્ય અધિકારી અને કેડાઈ અરવલ્લી ના પ્રમુખ કમલેશ પટેલે ગુજરાતમાં સૌથી વધુ ઓનલાઈન રજા ચિઠ્ઠી થાય અને અરવલ્લી જિલ્લો ઓનલાઇન રજા ચિઠ્ઠી માં પ્રથમ આવે તેવી અપીલ એશીયન એન્જિનિયરને કરી હતી અને ગુજરાતમાં કોમન જીડીસીઆરમા અરવલ્લી જિલ્લો અગ્રેસર હતો તેમ ઓડીપીએસમા પણ અરવલ્લી અગ્રેસર કરવા માટે અરવલ્લી કેડાઈ પ્રમુખે તમામ એન્જીનીયર મીત્રોને હાંકલ કરી હતી.

રાજ્યના ૧૫ જિલ્લાની ૧૦૦ ગ્રામ પંચાયતોમાં

પ્લાસ્ટિક વેસ્ટના રિસાયકલીંગ અને નિકાલ માટે માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૪

નિર્ણાયક, પારદર્શક અને દિર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર મે મહિના દરમિયાન રાજ્યમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત જળાશયો અને જળસ્ત્રોતો ઊંડા કરવાનું અભિયાન સફળતાપૂર્વક હાથ ધરાયું હતું. આ અભિયાન સરકાર અને લોકોના સહયોગથી ૧૦૦ ટકાથી વધુ સફળતા મળી છે. વર્ષ ૨૦૧૮માં યુનાઇટેડ નેશન્સ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનનું યજમાનપદ ભારતને આપવામાં આવ્યું છે ત્યારે તેને સફળ બનાવવા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ અભિયાનની અનુગામી કામગીરી તરીકે વિશ્વ પર્યાવરણ દિવસની મુખ્ય થીમને સાંકળી લઇને એક અઠવાડીયા સુધી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરીને ગુજરાતને પ્લાસ્ટિક પ્રદૂષણમુક્ત બનાવવાની નેમ વ્યક્ત કરી છે. આ પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય વિસ્તાર અભિયાનનો આજથી; એટલે કે તા. ૫-જૂન વિશ્વ પર્યાવરણ દિનથી અમલ થશે. જેમાં રાજ્ય સરકારના ગ્રામવિકાસ વિભાગ દ્વારા રાજ્યના રૂર્બન વિસ્તાર તરીકે ઓળખાતા ૧૦૦ મુખ્ય ગામોમાં જનભાગીદારી થકી 'પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન' અંતર્ગત પ્લાસ્ટિક વપરાશમાં ઘટાડો, પુનઃવપરાશ અને રિસાયકલ માટે જનજાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરાશે.

પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યભરના ૧૫ જિલ્લાઓમાંથી પસંદ કરાયેલા ૧૦૦ ગામોમાં તા.૫મી જૂનના રોજ ગામના પ્રવેશદ્વાર, જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, મુખ્ય માર્ગોની સફાઇ, શાકભાજી બજાર, બસ સ્ટેન્ડની સાફ-સફાઇ તથા પ્લાસ્ટિક અને અન્ય રિસાઇકલ્સ કરી શકાય તેવો કચરો છૂટો કરાશે. તા.૬ જૂનના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત કચેરી, હોસ્પિટલ, અન્ય સરકારી સંસ્થાઓની સાફ-સફાઇ તા.૭ જૂનના રોજ ફળિયાવાર ઘેરઘેરથી સાફ સફાઇ, તા.૮ જૂનના રોજ શાળા-આંગણવાડી સફાઇ, ભીના કચરામાંથી માઇક્રો કમ્પોસ્ટ પદ્ધતિ દ્વારા ખાતર બનાવવું, ગામમાં પ્લાસ્ટિક શ્રેડીંગ મશીનથી નિકાલ અંગે પ્રેઝન્ટેશન, તા.૯ જૂનના રોજ પ્લાસ્ટિક કચરાના ઓછા વપરાશ, પુનઃઉપયોગ અંગે માર્ગદર્શન તથા સ્વ-સહાય જૂથોની બહેનો દ્વારા જ્યુટ બેગ તૈયાર કરવી અને ડેમોન્સ્ટ્રેશન. ગ્રામ્ય સ્તરે એકઠી થયેલી પ્લાસ્ટિક પસ્તીનું વેચાણ, તા.૧૦ જૂનના રોજ પ્લાસ્ટિકનું રિસાયકલીંગ કરી વેચાણ માટે ડેમોન્સ્ટ્રેશન અને તા.૧૧ જૂનના રોજ ગ્રામસભા દ્વારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો તેમજ ગ્રામ સ્તરે સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ, પ્લાસ્ટિકના ઉત્પાદન-સંગ્રહ-વેચાણ અને વપરાશ કરનારા સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ પ્લાસ્ટિક જ્યાં ત્યાં નિકાલ ન કરવા અંગે લોકોને માર્ગદર્શન આપી દંડની જોગવાઇ કરવા અંગે કાર્યવાહી કરાશે.

પાલનપુરના ફાયરીંગ કેસમાં બ્લેકમેઈલીંગનો ખેલ

વકીલના માથા ઉપરથી ગોળી નીકળી ગઈ : મૃતક ઉપર ફાયરિંગ કર્યા બાદ ગાડી ફેરવાઈ હોવાનો ઉલ્લેખ

પાલનપુર, તા. ૪

પાલનપુર- ડીસા હાઇવે ઉપર ન્યુ રામઝૂંપડી હોટલમાં ગત સાંજના સુમારે થયેલી ફાયરિંગની ઘટનામાં બ્લેક મેઈલીંગનો ખેલ ખેલાયો હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. જ્યાં પાલનપુર ની યુવતીને મળ્યા બાદ ભૂજના ગૃહસ્થને બ્લેકમેઈલ કરવામાં આવ્યા હતા. જેઓ પાલનપુરના મિત્રોની મદદ લઈ રામ ઝૂંપડીમાં ચર્ચા કરવા માટે આવ્યા હતા. ત્યારે ફાયરિંગ કરવામાં આવ્યું હતુ. જેમાં વકીલ સાથે આવેલા યુવકની હત્યા કરવામાં આવી હતી. અને તેના મૃતદેહ ઉપરથી ગાડી પણ ફેરવવામાં આવી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

પાલનપુર રોયલ મેઘામાં રહેતી સંગીતાબેન જોષીએ ગત ૧૮-૫-૧૮ના રોજ ભૂજ ખાતે રહેતા નરસિંહભાઈ આત્મારામ અગ્રવાલને ફોન કરી તેણીના પિતાએ ભૂતકાળમાં નોકરી કરી હતી. જેમની તબિયત સારી ન હોવાથી મળવા માટે બોલાવે છે તેવું કહેતા નરસિંહભાઈ તા. ૧-૦૬-૨૦૧૮ના રોજ ગાંધીધામથી પોતાની ગાડી લઈને પાલનપુર-અમદાવાદ હાઈવે લક્ષ્મીપુરાના પાટીયા નજીક આવેલા સંગીતાબેન જોષીના ઘરે ગયા હતા. જોકે, તે વખતે તેણીના પિતા હાજર ન હતા. દરમિયાન જમતી વખતે સંગીતા જોષીએ અડપલા કરતાં ભયભીત બની નરસિંહભાઈ ત્યાંથી નીકળી ગયા હતા.

જે બાદ બીજા દિવસે વિજયભાઈ હરગોવિંદભાઈ શિરવાડીયાએ તેમના ઉપર ફોન કર્યો હતો. અને ગઈકાલે તમે પાલનપુર જે છોકરીના ઘરે ગયા હતા. તેણે ઝેર પી લીધુ છે. આ કેસમાં ન આવવું હોય તો રૂપિયા ૩૫,૦૦,૦૦૦ની માંગણી કરી અવાર- નવાર ધમકી આપતો હતો. છેવટે ઈજ્જતના ડરે રૂપિયા ૮,૦૦,૦૦૦ લાખ ચૂકવવાનું નક્કી કર્યુ હતુ. જે બાદ દિયોદરના તેમના મિત્ર મયુરભાઈ ઠક્કરનો સંપર્ક કરી પાલનપુરના જયેશભાઈ ઠક્કર અને વકીલ દિપેશ ઘનશયામભાઈ વૈષ્ણવને પાલનપુરની ન્યુ રામઝૂંપડી ખાતે મળવા બોલાવ્યા હતા. જ્યાં રવિવારે સાંજે વાતચિત કરી બધા નીકળી ગયા હતા. જે દરમિયાન વકીલ દિપેશભાઈને રસ્તામાં માલણ ગામના લશકરભાઈ અનવરભાઈ મીર મળ્યા હતા. જોકે, જયેશભાઈ ઠક્કરનો ફોન આવ્યો હતો કે, વિજયભાઈ ન્યુ રામઝૂંપડી હોટલે મળવા આવે છે. તમે આવો આથી વકીલ અને લશકરભાઈ મીર હોટલે પહોચ્યા હતા. જેઓ ગાડીમાંથી નીચે ઉતરીને ઉભા હતા. તે વખતે વિજય શિરવાડીયાના કહેવાથી વિશાલ નામના શખ્સે રિવોલ્વરથી ફાયરિંગ કર્યુ હતુ. જેમાં એક ગોળી વકીલ દિપેશભાઈના માથા ઉપરથી નીકળી ગઈ હતી. જ્યારે બીજી ગોળી લશકરભાઈના ગળાના ભાગે વાગી હતી. તેમજ વધુ એક ફાયરિંગ કરી બંને શખ્સો ટેવ્ગાડી નં. જીજે. ૨૪.કે ૮૩૦૦ રિવર્સ લઈ લશકરભાઈ ઉપર ફેરવી ફરાર થઈ ગયા હતા.

બ્લેકમેઈલીંગ રેકેટ???

પાલનપુરની સંગીતા જોષી, વિજય શિરવાડીયા આણી ગેંગ દ્વારા પાલનપુર સહિત અન્ય શહેરોના પ્રતિષ્ઠિત વ્યકિતોને પણ આ રીતે બ્લેકમેઈલ કરી નાણાં પડાવવામાં આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સુમાહિતગાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સંગીતા જોષીના મકાનમાંથી એક ડાયરી મળી છે. તેમાં પાલનપુરના કેટલાક ખ્યાતનામ વ્યકિતઓનો પણ સમાવેશ થાય છે. જોકે, ઈજ્જત ખાતર આ લોકોએ સમગ્ર પ્રકરણ ઉપર પડદો પાડી રહ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે હવે પોલીસ દ્વારા આ ગેંગને ઝડપી પુછતાછ કરવામાં આવે તે પછી જ સમગ્ર બ્લેકમેઈલ રેકેટનો પર્દાફાસ થઈ શકે તેમ છે.

પાટીદાર અગ્રણી દિનેશ બાંભણિયાની હાર્દિક પટેલ સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

પાટીદાર આંદોલનને તોડવા માટે પાસના કન્વીનરો પૈસા લઈ ભાજપમાં ભળી ગયાનો આક્ષેપ પાસના મુખ્ય કન્વીનર હાર્દિક પટેલે કર્યો છે. જેને લઈ ભાજપ સહિત પાસના કન્વીનરમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ત્યારે પાસના કન્વીનર દિનેશ બાંભણિયાએ પોતાના પર થયેલા આક્ષેપોને પાયા વિહોણા ગણાવ્યા હતા અને આ મામલે ખોટા આક્ષેપોને લઈ અડાલજ પોલીસ મથકમાં આજે અરજી કરી હતી. પોલીસે અરજી સ્વીકારી આગળની કાર્યવાહી શરૂ કરી છે. સોશ્યિલ મીડિયામાં વાઈરલ થયેલા આંદોલનકારીના વિડીયો પછી હાર્દિક પટેલે આક્ષેપ કર્યો હતો કે

દસ આંદોલનકારીને ભાજપે ૪૬ કરોડ આપીને મારા પર આક્ષેપ કરાવ્યા હતા. આ વિડીયોથી ભાજપ સહિત પાટીદાર આંદોલનના કન્વીનરોમાં આક્ષેપ પ્રતિઆક્ષેપ થવા લાગ્યા છે. આ મામલે દિનેશ બાંભણિયાએ પોતાના પર થયેલા આક્ષેપને તદ્દન પાયા વિહોણા ગણાવ્યા હતા અને અડાલજ પોલીસમાં અરજી કરી હતી.

ગાયકવાડના રાજમહેલને હેરિટેજ રિવાઈવલ બનાવવાની માંગ : પ્રતાપસિંહ ગાયકવાડ

મહેસાણા, તા. ૪

મહેસાણાનું નામ જેના નામથી આજે શોભાયમાન છે તેવા રાજા મેસાજીના વંશજ અને ગાયકવાડ ના પ્રપૌત્ર એ આજે મહેસાણા ની મુલાકત લીધી હતી અને તેમના રાજમહેલ તેમણે મળે અને તે મહેલ સહિત અન્ય મિલકતો પણ તેમને મળે અને સરકાર તેમાં મદદ કરે તે અંગે ૧૦ મુદાઓ સાથે જિલા કલેકટર સાથે બંધ બારણે મીટીંગ કરી હતી જે આવનારા સમય માં મહેસાણા ના રાજમહેલ સહિત અન્ય મિલકતો પ્રપૌત્ર સુપ્રત થાય તેવા એંધાણ આ મીટીંગ બાદ જોવાઈ રહ્યા છે ...

મહેસાણા નગર જેને સ્થાપ્યું તેવા રાજવી પરિવારના સભ્ય એ આજે મહેસાણાના કલેકટર સાથે બંધ બારણે ૧૦ માગણીઓ સાથે બેઠક કરી હતી જેમાં કરોડો નહી પરંતુ અબોજોની મિલકત હાલ માં જર્જરિત અને ધ્વંસ થવા જઈ રહી છે તે તેમને જલ્દી અંડે તેવી માંગ તેમાના ચહેરા પર થી જોવા મળતી હતી સાથે હાલ માં આ કીમતી જમીન અને મિલકત માં તળાવ સહિત રાજમહેલ નો સમાવેશ થાય છે તે હાલ માં સરકારી કોર્ટ હતી જે હાલમાં ખાલી થવા ગઈ છે અને રાજમહેલ હાલમાં વીરાન થવા ગયો છ. ગાયકવાડ સરકારના પ્રપૌત્રએ મહેસાણાની મુલાકાત લીધી હતી અને તેમની સાથે સરકારી અધિકારી અને તેમના પરિજનો પણ હાજર રહ્યા હતા. મહેસાણા ખાતેના ગાયકવાડના રાજમહેલને હેરિટેજ રિવાઈવલ બનાવવા ની પણ આ પ્રશંગે માંગ કરી હતી અને તેને લઈને મુલાકાત કરી હતી. મહેસાણા જિલ્લા કલેક્ટર સાથે બેઠક કલેકટર કચેરી માં કરી હતી જે ૧ કલાક ચાલી હતી. જીતેન્દ્ર સિંહ ગાયકવાડે રાજમહેલ ને હેરિટેજ તરીકે વિકસાવવા ની માંગ મૂકી છે. રાજમહેલમાં આ આગાઉ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ચાલતી હતી. કોર્ટનું નવું મકાન બનતા હાલ રાજમહેલ ખાલી પડ્યો છે. સયાજીરાવ ગાયકવાડ અને પ્રતાપસિંહ ગાયકવાડ ની પ્રતિમાઓ નીચે તેમનો ઈતિહાસ લખાશે અને હેરિટેજ રિવાઈવલના કન્ઝરવેશન એક્સપર્ટ એવા અમદાવાદના ડો. દેવાશિષ નાયક, મુંબઈના ડોકટર પાટીલ સહિત એડવોકેટ ચૌધરી અને મીનેશ ઓઝા પણ તેમની સાથે મુલાકાતમાં આવ્યા હતા.

વ્યૂહરચના ઘડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને પેટાચૂંટણીમાં એકપછી એક મળી રહેલી હારના કારણે પાર્ટી હાઇ કમાન્ડ ચિંતાતુર છે. સંમેલનમાં ભાજપ અને સંઘ વચ્ચે સંતુલનની કામગીરી જોનાર કૃષ્ણ ગોપાલ હાજર રહેશે. તેઓ આશરે ૭૦ મહામંત્રીઓ સાથે વાતચીત કરનાર છે. ભાજપ અને સંઘ વચ્ચેના તાલમેલને વધારે યોગ્ય રીતે કઇ રીતે બનાવી શકાય તે મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે સંઘમાંથી ભાજપમાં મોકલી દેવામાં આવનારને જ સંગઠન મંત્રી અને મહામંત્રી બનાવવામાં આવનાર છે. પાર્ટી વર્તમાન જીતી ગયેલી સંસદીય સીટની સાથે સાથે એવી સીટ ઉપર પણ વધારે ધ્યાન કેન્દ્રિત કરનાર છે જ્યાં પાર્ટી લોકસભામાં બીજા નંબર ઉપર રહી હતી. સુરજકુંડ ભાજપ માટે પહેલાથી જ લકી છે. ૨૦૧૪ લોકસભા ચૂંટણીની જીત માટે રણનીતિ અહીં જ તૈયાર કરવામાં આવી હતી. અરવલ્લી પહાડી શ્રેણીની વચ્ચે સ્થિત આ ખુબસુરત જગ્યા ભાજપ માટે હંમેશા મહત્વપૂર્ણ રહી છે. કેટલાક રાજકીય દાંવપેચ પણ અહીં થતાં રહ્યા છે. સુરજકુંડમાં પ્રથમ વખત ભાજપે સપ્ટેમ્બર ૨૦૧૨માં આયોજિત રાષ્ટ્રીય કારોબારીમાં યુપીએ સરકારને ઉખાડી ફેંકવા માટે રણશિંગુ ફુંક્યું હતું. બીજી વખત અધ્યક્ષ બની ગયા બાદ ભાજપના બંધારણમાં સુધારા કરવામાં આવ્યા હતા. મજબૂતી સાથે તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને દેશના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગ ઉઠી હતી. જૂન ૨૦૧૪માં ભાજપના નવા ચૂંટાયેલા સાંસદો માટે તાલીમ કેન્દ્રનું આયોજન પણ અહીં કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૨૦૦ સાંસદોને તાલીમ આપવામાં આવી હતી.

ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરની વિધાનસભા ચૂંટણીથી પહેલા ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે સુરજકુંડમાં દેશભરના સંગઠન મંત્રીઓની બે દિવસની બેઠક યોજાઈ હતી જેમાં પાંચ રાજ્યોમાં જીત મેળવવા માટેની વ્યૂહરચના તૈયાર કરાઈ હતી. ભાજપે આ પાંચ રાજ્યો પૈકી પંજાબ સિવાય ચાર રાજ્યોમાં સરકાર બનાવી હતી. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપને પ્રચંડ બહુમતિ મળી હતી. હરિયાણા ભૂમિ વિકાસ નિગમના ચેરમેન અજય ગૌડાએ કહ્યું છે કે, સંગઠનમંત્રીના આ ત્રણ દિવસીય કાર્યક્રમ અને સંઘની વચ્ચે તાલમેલને લઈને જોરદાર મંથન થનાર છે તેમાં કેન્દ્રીયમંત્રીઓ ઉપરાંત રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તથા અન્ય સંઘના નેતા હાજર રહેનાર છે.

ટીમની રચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં દર્શાવવામાં આવ્યુ છે કે યાદીમાં ૬૦ લાખ બોગસ મતદારો નોંધાયેલા છે. કમલનાથે કહ્યુ છે કે મધ્યપ્રદેશમાં વસ્તી તો ૨૪ ટકા વધી છે જ્યારે મતદારોની સંખ્યા ૪૦ ટકા સુધી વધી ગઈ છે તે બાબત તો કોઈને સમજાય તેમ નથી. પાર્ટીએ મતદાર યાદીમાંથી તમામ બનાવટી એન્ટ્રીને દુર કરવા માટેની પણ રજૂઆત કરી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ દ્વારા જોરદારરીતે રજૂઆત કરવામાં આવ્યા બાદ ચૂંટણી પંચે બોગસ મતદારોના મામલામાં તપાસનો આદેશ આપી દીધો છે. બનાવટી વોટરના સંદર્ભમાં પુરાવા પણ સોંપવામાં આવ્યા છે. મધ્યપ્રદેશમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા કોંગ્રેસ તરફથી જોરદાર માંગણી કરવામાં આવી ચુકી છે. મધ્યપ્રદેશમાં આ વર્ષે જ ૨૩૦ વિધાનસભાની બેઠકો માટે મતદાન યોજાનાર છે.

ચૂંટણી પંચ દ્વારા જે ટીમોની રચના કરવામાં આવી છે તે ટીમોને જરૂરી જવાબદારી સોંપી દેવામાં આવી છે. ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કોઈપણ પ્રકારના પક્ષપાતને ચલાવી લેવામાં આવશે નહીં. કોંગ્રેસના આક્ષેપોમાં ઉંડી તપાસ કરવામાં આવશે. જે ચાર ટીમો રચવામાં આવી છે તે પૈકી દરેકમાં બે બે સભ્યો રાખવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ કોંગ્રેસ કમિટિના મિડિયા સેલના વડા માનક અગ્રવાલનું કહેવું છે કે, મધ્યપ્રદેશમાં તમામ મતવિસ્તારમાં બનાવટી મતદારો મળી આવ્યા છે. કુલ મતદારો પૈકીના ૧૨ ટકાની આસપાસ બોગસ મતદારો છે. તેમના નામ જિલ્લા કલેક્ટરોની મદદથી ઉમેરવામાં આવ્યા છે. ૨૦૧૩માં સાત ટકા મતથી કોંગ્રેસની હાર થઈ હતી.

મહેસાણા જિલ્લામાં ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

૨૧ જુન સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલો છે. મહેસાણા જિલ્લામાં આ દિવસે નાગરિકો સ્વચ્છિક સંસ્થાઓ સ્વંયભૂ ઉજવણીમાં જોડાય તે માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અધિકારીઓ, સહયોગી સંસ્થાના હોદ્દેદારો, પતંજલી, આર્ટ ઓફ લીવીંગ, સ્વાધ્યાય પરિવાર, સ્વામીનારાયણ સંસ્થા, બ્રહ્માકુમારી સંસ્થા સહિતની સંસ્થાઓ જોડાઈ હતી. જિલ્લામાં યોગ દિવસની સફળતાના વિવિધ કામે માટે નોડલ અધિકારીઓની નિમણુંક કરાઈ હતી. યોગ નિર્દશનમાં જિલ્લાની સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના લોકભાગીદારીથી વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.